પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૫ | ૫ જાન્યુઆરી, ૨૦૧૯, શનિવાર; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

બેંકોના વિલયથી કર્મચારીઓને તકલીફ નહી : જેટલી

નાણામંત્રી અરૂણ જેટલીએ સ્પષ્ટ કર્યુ છે કે ત્રણ સરકારી બેંકોના વિલયથી કર્મચારીઓની નોકરીઓ પર કોઈ સંકટ નથી. કોઈપણ કર્મચારીની નોકરી જશે નહી.

આંધ્રમાં બેરોજગાર યુવાનોને કાર

ચૂંટણી આવવાને હજી વાર છે તેમ છતાં રાજકીય પક્ષોએ લોભામણી જાહેરાતોથી મતદારોને આકર્ષવાનુ શરૂ કરી દીધુ છે. આંધ્રપ્રદેશની તેલુગુદેશમ પાર્ટીએ રાજયના બેરોજગાર બ્રાહ્મણ યુવાનોને મારૂતી ડિઝાયર કાર આપવાનો ચોંકાવનારો નિર્ણય લીધો છે. સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ યુવાનોને આ કાર અપાશે.

બાળકોને પાસ કરવા અંગેનો વિધેયક પસાર

રાજયસભાએ આઠમા સુધી બાળકોને નાપાસ નહી કરવા અંગેનો સંશોધક વિધેયક પસાર કર્યો છે. શિક્ષણના અધિકાર હેઠળ આ વિધેયક પસાર કરાયો છે.

મેહુલ ચોકસીની સંપત્તિ જપ્ત

પંજાબ નેશનલ બેન્કના ૧૩ હજાર કરોડના ગોટાળાના કેસમાં એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે જવેલર મેહુલ ચોકસીના ગીતાંજલિ ગ્રુપની ૧૩ કરોડ રૂપિયાની હોટેલને એટેચ કરી છે. આ મામલે હાલમાં મેહુલ ચોકસી અને નીરવ મોદી બંને ભાગેડુ છે.

હવે ૧૦મીએ મંદિર મામલે સુનાવણી

મોટી સંખ્યામાં લોકોની ભીડ વચ્ચે સેંકડોમાં સુનાવણીને ટાળી દેવાઈ : હવે છઠ્ઠી અથવા તો સાતમી જાન્યુઆરીના દિવસે આ બેંચમાં સામેલ કરવામાં આવનાર જજોના નામની જાહેરાત : રોજ સુનાવણીની માંગની અરજી ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૪

રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ પર સુપ્રીમ કોર્ટે ફરી એકવાર સુનાવણી ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી છે. હવે ૧૦મી જાન્યુઆરીના દિવસે મામલો સુપ્રીમ કોર્ટની ત્રણ જજની ખાસ બેંચ સમક્ષ જશે. છઠ્ઠી અથવા તો સાતમી જાન્યુઆરીના દિવસે આ બેંચમાં સામેલ કરવામાં આવનાર જજોના નામની જાહેરાત કરાશે. સુપ્રીમ કોર્ટના આ આદેશને સાદી ભાષામાં સમજવામાં આવે તો એ છે કે જસ્ટીસ દિપક મિશ્રાના રિટાયર થયા બાદઆ મામલે સુનાવણી માટે કોઈ ખાસ પીઠ ન હતી. સીજેઆઈએ કહ્યુ છે કે આ મામલાની સુનાવણી માટે એક નિયમિત બેંચ બનશે. જે ૧૦મી જાન્યુઆરીના દિવસે આગળના આદેશ આપશે. આ ગાળા દરમિયાન સુપ્રીમ કોર્ટે વકીલ હરિનાથ રામ તરફથી દાખલ કરવામાં આવેલી એવી અરજીને ફગાવી દીધી હતી જેમાં અયોધ્યા વિવાદની સુનાવણી દરરોજ કરવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન આજે હાઉસફુલની સ્થિતિ રહી હતી. પગ મુકવાની પણ જગ્યા ન હતી. સીજેઆઈની સામે આ મામલો આવતાની સાથે જ સેંકડોના ગાળામાં જ સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. જેની રાજકીય વર્તુળો અને દેશના લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેંચમાં સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી આજે હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.અયોધ્યા મામલાને બંધારણીય બેંચની પાસે મોકલવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ

● અનુસંધાન પાન-૭ પર

સુપ્રિમની સુનાવણીથી મંદિર નહિ બને : શિવસેના

બીજી બાજુ એનડીએ ગઠબંધનમાં ભાજપની સાથી પાર્ટી શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું, ''આ મામલે સુનાવણી મહત્વની છે પરંતુ સુપ્રીમ કોર્ટની સુનાવણીથી મંદિર બનશે નહિ. જેથી અમારી માંગ છે કે, અધ્યાદેશ દ્વારા જ રામ મંદિર બનાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટ જે કહેશે તે જ માનીશું : કોંગ્રેસ

શિવસેના સિવાય કોંગ્રેસે પણ રામ મંદિર કેસમાં પ્રતીક્રિયા આપી છે. કોંગ્રેસ નેતા ગુલામ નબી આઝાદે કહ્યું કે, રામ મંદિરનો કેસ સુપ્રીમ કોર્ટમાં છે. જે પણ સુપ્રીમ કોર્ટ નક્કી કરશે તે અમે માનીશું.

બાબરી કેસના પક્ષકાર ઈકબાલ અંસારીએ કહ્યું : ન આવવો જોઈએ અધ્યાદેશ

આજે સુપ્રીમ કોર્ટે સુનાવણી ટાળી પછી બાબરી કેસના પક્ષકાર ઈકબાલ અંસારીએ કહ્યું કે, રામ મંદિર પર કેન્દ્ર સરકારે અધ્યાદેશ ન લાવવો જોઈએ. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ એકદમ સાચુ કહ્યું છે કે, આ કેસ સુપ્રીમ કોર્ટમાં છે અને આપણે નિર્ણયની રાહ જોવી જોઈએ.

રામ આખા વિશ્વના ભગવાન, હું પણ પથ્થર મૂકવા જઈશ : ફારૂક અબ્દુલ્લા

ન્યુ દિલ્હી,તા.૪

વર્ષોથી લંબિત એવા રામ મંદિરના મુદ્દાને લઈ સુપ્રીમ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી વધુ એકવાર ટાળી દેવામાં આવી છે, ત્યારબાદ હવે રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. દેશના આ બહુચર્ચિત મુદ્દે રાજકીય નેતાઓની પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. આ વચ્ચે નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લાએ રામ મંદિરને લઈ એ મોટું નિવેદન આપ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે, આ મામલાનું વાતચીત દ્વારા સમાધાન કરવું જોઈએ હતું, કોર્ટ સુધી જવાની કોઈ જરૂરત જ ન હતી. તેઓએ વધુમાં કહ્યું, ''ભગવાન રામ તમામ લોકોના ભગવાન છે, કાયદો બનાવીને રામ મંદિર બનાવવું એ યોગ્ય નથી. જેથી જે દિવસે આ મામલે સમાધાન થઈ ગયું તો હું પોતે જ ઈંટ લગાવવા માટે જઈશ.

ફાસ્ટ ટ્રેક હેઠળ સુનવણી થશે તો ચૂંટણી પહેલા નિર્ણય સંભવ : હિંદુ મહાસભાના વકીલ

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન હિંદુ મહાસભાના વકીલે કહ્યું હતું કે, જો નવી બેંચ કેસની રોજેરોજ સુનાવણી હાથ ધરે તો વર્ષો જુનો આ વિવાદનો નિર્ણય માત્ર ૬૦ જ દિવસમાં આવી શકે છે.

હિંદુ મહાસભાના વકીલે ઉમેર્યું હતું કે, અમે ૧૦ જાન્યુઆરીએ આ કેસની સુનાવણીએ કરનારી બેંચ સમક્ષ પોતાની વાત રજુ કરીશું અને આ મામલે રોજેરોજની સુનાવણી હાથ ધરવાની અપીલ કરીશું. તેમણે કહ્યું હતું કે, આ કેસમાં બંને તરફથી પોત પોતાના પક્ષ રજુ કરવામાં આવી ચુક્યા છે, દસ્તાવેજોનું પણ આદાન પ્રદાન કરવામાં આવી ચુક્યું છે. તેવી જ રીતે તમામ દસ્તાવેજોના અનુવાદની પ્રક્રિયા પણ પુરી થઈ ગઈ છે.

૨૦૨૨ સુધી તમામ રાફેલ વિમાનો ભારતમાં પહોંચશે : નિર્મલા સીતારામન્

રાહુલના પ્રશ્ન બાદ સીતારામનો સ્પષ્ટ જવાબ : એચએએલને કોન્ટ્રાક્ટ આપવાના બદલે કોંગ્રેસે ઓગસ્ટા સાથે સોદો કેમ કર્યો : સંરક્ષણ પ્રધાન સીતારામનનો પ્રશ્ન

નવી દિલ્હી, તા. ૪

રાફેલ ડિલને લઈને લોકસભામાં આજે ફરીએકવાર ઉગ્ર આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. સરકાર તરફથી સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને જવાબદારી સંભાળ હતી. સીતારામનના જવાબની માંગ કરી રહેલી કોંગ્રેસ પાર્ટી ઉપર સંરક્ષણ મંત્રીએ આકરા પ્રહાર કર્યા હતા. દરેક પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો હતો. સંરક્ષણમંત્રીએ કોંગ્રેસ ઉપર ખોટા નિવેદન કરવાનો આક્ષેપ કર્યો હતો. સીતારામને કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, એચએએલ ઉપર કોંગ્રેસ પાર્ટી બિનજરૂરી આંસુ વહાવે છે. સીતારામને કહ્યું હતું કે, ડિફેન્સ ડિલિંગ અને ડિલિંગ ઈન ડિફેન્સમાં ખુબ અંતર છે. અમે ડિફેન્સ ડિલિંગ કરતા નથી. અમે લોકો ડિલિંગ ઈન ડિફેન્સ કરીએ છીએ. રાષ્ટ્રીય સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. રાફેલ ઉપર કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના ડબલ એના આરોપ પર વળતા પ્રહાર કરતા નિર્મલા સીતારામને તેમને આરવી અને ક્યુની યાદ અપાવી હતી. સંરક્ષણ મંત્રીના ભાષણ દરમિયાન જ્યારે કોંગ્રેસે પ્રશ્ન કર્યો કે આ સોદાબાજી ડબલ એ માટે કરવામાં આવી હતી. આ પ્રશ્નના જવાબમાં સીતારામને કહ્યું હતું કે, દરેક એએના જવાબમાં એક આરવી અને ક્યુના નામ આવે છે. સાથે સાથે તેમણે કહ્યું હતું કે, આરવી વડાપ્રધાન નહીં બલ્કે દેશના જમાઈ છે. નિર્મલા સીતારામને કોંગ્રેસ ઉપર દેશની સુરક્ષા સાથે રમત રમવાનો આક્ષેપ કરતા કહ્યું હતું કે, હકીકતમાં તે સોદાબાજી કરવા ઈચ્છુક ન હતી. રાફેલ ડિલને

● અનુસંધાન પાન-૭ પર

પડોશી દેશ ખતરનાક છે તો ૧૨૬ની જગ્યાએ ૩૬ કેમ ? : રાહુલ ગાંધી

સીતારામનના નિવેદન બાદ રાહુલનો વેધક પ્રશ્ન : અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ કોણે અપાવ્યો હતો, નિર્ણય કોણે કર્યો તે બાબત સીતારામને જ બતાવી નથી : રાહુલ

નવી દિલ્હી, તા. ૪

રાફેલ ડિલને લઈને ભારે ઘમસાણની સ્થિતિ રહેલી છે. સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામનના જવાબ બાદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બે-ત્રણ મિનિટમાં સ્પષ્ટીકરણ આપ્યું હતું અને ફરીએકવાર સરકાર પર પ્રહાર કર્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, મેક્રો સાથેની વાતચીત દરમિયાન તેઓએ રાફેલ ડિલમાં કિંમતના મામલામાં કોઈ ગુપ્તતા છે કે કેમ તેવો પ્રશ્ન કર્યો હતો. તેમને જાણીને આશ્ચર્ય થયું હતું કે, જે પૈસા ભારતની પ્રજાના છે તેના સંદર્ભમાં પ્રજાને માહિતી આપવામાં આવી રહી છે. મેક્રોએ એ વખતે કહ્યું હતું કે, કિંમત ગુપ્તતાની હદમાં આવતી નથી. આવી જ રીતે ઓલાંદે કહ્યું હતું કે, અનિલ અંબાણીના નામનો ઉલ્લેખ ભારતના વડાપ્રધાન તરફથી તેમની સમક્ષ કરવામાં આવ્યો હતો. ઓલાંદનું આ નિવેદન ખાતરી આપે છે કે, ભારતના વડાપ્રધાને એક ખાનગી કંપનીને લાભ પહોંચાડ્યો છે. તેમની સલાહ છે કે, વડાપ્રધાન મોદીએ ઓલાંદને ફોન મિલાવીને પ્રશ્ન કરવો જોઈએ કે તેવો આવી વાત કેમ કરી રહ્યા છે. રાહુલે કહ્યું હતું કે, તેઓ સંરક્ષણમંત્રી પર આક્ષેપો કરી રહ્યા નથી. તાજેતર ઉપર આરોપ કરી રહ્યા નથી. તેવો વડાપ્રધાન પર આરોપ મુકી રહ્યા છે. વડાપ્રધાન આમા સીધીરીતે સામેલ છે. સંરક્ષણમંત્રી અઢી કલાક નિવેદન કર્યું છે. અનિલ અંબાણીને ઓફસેટ કોન્ટ્રાક્ટ મળ્યો છે. સંરક્ષણમંત્રીએ એક પણ વખત આ નામનો ઉલ્લેખ કર્યો નથી. અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ કોણે અપાવ્યો, આ નિર્ણય કોણે કર્યો તે અંગે કોઈ માહિતી આપી નથી.

● અનુસંધાન પાન-૭ પર

અંકુશ રેખા પર પાકિસ્તાની સેના સાથે ત્રાસવાદી દેખાયા

હુમલાની દહેશત વચ્ચે ભારત એલર્ટ : ભારતીય ચોકી પર હુમલા કરવામાં આવી શકે : રાજોરી અને પુછ સેક્ટર ખાતે હવે સ્નાઇપર્સની તૈનાતી કરી દેવાઇ

નવી દિલ્હી,તા. ૪

હુમલા કરવાના કેટલાક પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવ્યા બાદ હવે નવેસરથી હુમલા કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આના ભાગરૂપે અંકુશ રેખા પર પાકિસ્તાની સેનાના જવાનોની સાથે લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ નજરે પડી રહ્યા છે. જેનાથી સંકેત મળી રહ્યા છે કે પાકિસ્તાની ત્રાસવાદીઓ પાકિસ્તાની સેનાની મદદથી હુમલા કરી શકે છે. ભારતીય ચોકીઓ પર હુમલા કરવાના પ્રયાસ થઈ શકે છે. પાકિસ્તાન પોતાના નાપાક ઈરાદાને અંજામ આપવા માટે હવે ત્રાસવાદીઓની મદદ લઈ રહ્યુ છે. સ્પેશિયલ સર્વિસ ગ્રુપના કમાન્ડોની મદદ લેવામાં આવી રહી છે. રાજોરી અને પુછ સેક્ટર પર સ્નાઈપર્સની તૈનાતી કરી દેવામાં આવી છે. સુરક્ષા સંસ્થાઓને મળેલા ઈનપુટના આધાર પર સરહદ પર એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. સુરક્ષા સંસ્થાઓને છેલ્લા કેટલાક દિવસથી સતત ઈનપુટ મળી રહ્યા છે. જેના ભાગરૂપે સરહદ પર લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ અને સ્પેશિયલ કમાન્ડો મળીને રાજૌરી અને પુછ કૃષ્ણા ખીણ સેક્ટરથી હુમલા કરવાના પ્રયાસ કરી રહ્યા છે. આ પહેલા ૩૦મી ડિસેમ્બરના દિવસે પાકિસ્તાન બોર્ડર એક્શન ફોર્સ દ્વારા પણ હુમલા કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. પાકિસ્તાને હુમલા કરવા માટે હવે કમાન્ડો અને ત્રાસવાદીઓની પ-૬ ગ્રુપમાં તૈયારી કરી છે. દરેક ટીમમાં આશરે ૩૦ લોકો હોઈ શકે

અટવાયેલા પ્રોજેકટોને અમે પરિપૂર્ણ કરી રહ્યા છીએ : મોદી

મણિપુરના ઇમ્ફાલમાં જનસભામાં મોદીના પ્રહાર : નોર્થઇસ્ટને નેતાજીએ ભારતની સ્વતંત્રતાના ગેટવે તરીકે ગણાવ્યું હતું : પોતે ૩૦ વખત નોર્થઇસ્ટ પહોંચ્યા : મોદી

ઈમ્ફાલ, તા. ૪

મણિપુરના ઈમ્ફાલમાં જનસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ આજે કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, અગાઉની સરકારોએ પૂર્વોત્તરના રાજ્યોને દિલ્હીથી દૂર રાખ્યા હતા. અગાઉની સરકારોના અટવાયેલા, ફસાયેલા અને ભટકી પડેલા પ્રોજેક્ટોને અમે પૂર્ણ કરી રહ્યા છીએ. મણિપુરના હમ્મા કાગજીબંધમાં મોદીએ ૮ યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગાળા દરમિયાન તેઓએ ચાર યોજનાઓની શિલાન્યાસની વિધિ પણ કરી હતી. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે જે મણિપુરને, જે નોર્થ-ઈસ્ટને નેતાજીએ ભારતની સ્વતંત્રતાના ગેટવે તરીકે ગણાવ્યા હતા તેને હવે ન્યુ ઈન્ડિયાના વિકાસ ગાથાના દ્વાર તરીકે બનાવવા અમે પ્રયાસ કરી રહ્યા છે. અગાઉની અને અમારા આ પ્રકારના અંતરની સ્થિતિ રહેલી છે. મોદીએ કહ્યું હતું કે, સાડા ચાર વર્ષના ગાળામાં તેઓ પોતે ૩૦ વખત નોર્થઈસ્ટ આવી ચુકયા છે અને લોકોને મળવાની તક ઝડપે છે. તેમણે કહ્યું હતું કે, અધિકારીઓ પાસેથી રિપોર્ટ માંગવાની જરૂર પડતી નથી. સીધીરીતે લોકો પાસેથી રિપોર્ટ મળી જાય છે. મોદીએ કહ્યું હતું કે, ડોલાઈથાબી બરાજ ૧૯૮૭થી ફાઈલ ચાલી રહી હતી. ૧૯૯૨માં ૧૯ કરોડના ખર્ચ સાથે પ્રોજેક્ટની શરૂઆત થઈ હતી. આ મામલો ત્યારબાદ અટવાઈ

● અનુસંધાન પાન-૭ પર

કુંવરજી બાવળિયાને નાયબ મુખ્યમંત્રી બનાવાય તેવી અફવા

અમદાવાદ,તા. ૪

ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને રાજય સરકારમાં કંઈક નવા-જૂની થાય તેવી જોરદાર ચર્ચા અને અટકળો ઉઠવા પામી છે. હાલમાં જ જસદણની પેટાચૂંટણી જંગી બહુમતિથી જીતી ચૂકેલા કુંવરજી બાવળિયાને અચાનક દિલ્હીનું તેડું આવ્યું અને વડાપ્રધાન મોદી સાથે તેમની મુલાકાત થઈ. એ સમાચારના પગલે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. લોકસભાની ચૂંટણીમાં જ્ઞાતિ સમીકરણો સંતુલિત કરવા ભાજપ હાઈકમાન્ડ કુંવરજીભાઈને નાયબ મુખ્યમંત્રી બનાવે એવી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય